SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

રેફ નં. તા : ૨૩/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'સ્ટાર્ટ–અપ ઓપોર્ચ્યુનિટીઝ ઇન ફિન–ટેક' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૨ જૂન, ૨૦૨૧ના રોજ 'સ્ટાર્ટ–અપ ઓપોર્ચ્યુનિટીઝ ઇન ફિન–ટેક' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે સ્ટાર્ટ–અપ મેન્ટોર એન્ડ પેટન્ટ એટોર્ની ડો. અનિલ સરાવગીએ ઉદ્યોગ સાહસિકો અને ટેકનોક્રેટ્સને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. અનિલ સરાવગીએ જણાવ્યું હતું કે, હાલના તબકકે ફિન–ટેક ક્ષેત્રે વિવિધ સ્ટાર્ટ–અપ ખૂબ જ તિવ્રતાથી સફળતા પ્રાપ્ત કરી રહયા છે અને બહોળા પ્રમાણમાં આ સ્ટાર્ટ–અપ દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓનો ઉપયોગ બેન્કીગ, ફાયનાન્સ, ઇન્સ્યુરન્સ, શેર બ્રોકીગ વિગેરે ક્ષેત્રે વધી રહયો છે ત્યારે પેટીએમ જેવા અત્યંત સફળ સ્ટાર્ટ–અપની ચર્ચા કરવા કરતા ઉભરી રહેલા એવા દસેક સ્ટાર્ટ–અપની વિસ્તૃતપણે છણાવટ તેમણે કરી હતી. જેમાં કેશ ફ્રી, કોઇન, ડી.સી.એકસ., ઇઝી હોમ ફાયનાન્સ, મનીટેપ, નીયો જેવા ૨૫૦થી ૫૦૦ કરોડનું વેલ્યુએશન ધરાવતા અને ખૂબ જ ઝડપથી ગ્રોથ કરી રહેલા સ્ટાર્ટ–અપના બિઝનેસ મોડલની છણાવટ તેમણે કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં ફિન–ટેક સ્ટાર્ટ–અપના ટ્રાન્ઝેકશન વાર્ષિક ૭૦ ટકાથી ગ્રોથ કરી રહયા છે અને હાલમાં મહિને લગભગ ૨.૨ બિલિયન ટ્રાન્ઝેકશન થઇ રહયા છે. ખાસ કરીને ભારત સરકાર દ્વારા પ્રેરીત નેશનલ પેમેન્ટ કલીયરીંગ સિસ્ટમ દ્વારા ડેવલપ થયેલા યુપીઆઇ (યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ)ના

કારણે ફિન–ટેક ક્ષેત્રે પેમેન્ટ ગેટવેના ટ્રાન્ઝેકશન વિગેરે માટે ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતા સ્ટાર્ટ–અપ ફાઉન્ડર માટે ખૂબ જ વિપુલ તકો રહેલી છે.

અત્રે નોંધનીય છે કે, કોવિડ સમય પછી સ્ટાર્ટ–અપ ક્ષેત્રે યુવાનોને અને ટેકનોક્રેટ્સને વિકાસ માટે વિપુલ તકો રહેલી હોવાથી દક્ષિણ ગુજરાતના યુવાનોને સ્ટાર્ટ–અપ વિશે જાણકારી આપવાના હેતુથી તેમજ રસ ધરાવતા સ્ટાર્ટ–અપ ફાઉન્ડર્સને મેન્ટરીંગ કરવાના હેતુથી ચેમ્બર દ્વારા સ્ટાર્ટ–અપ સંબંધિત કાર્યક્રમો કરવામાં આવી રહયા છે.

ઉપરોકત વેબિનારમાં ચેમ્બરની ઇનોવેશન એન્ડ સ્ટાર્ટ–અપ કમિટીના ચેરમેન સીએ મયંક દેસાઇએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.